રાજ્યની સરકારી યુનિવર્સિટીઓ માટે આગામી પાંચ વર્ષનો એક્શન પ્લાન નક્કી કરવા સમિતિની રચના બાબત

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

પરિપત્ર ક્રમાંક:પરચ/૨૦૧૬/ના.સ.૯૧૧-ઉ.શિ

સચિવાલય, ગાંધીનગર

તા. ૨૦-૦૬-૨૦૧૯

**વંચાણે લીધા:**

૧. શિક્ષણ વિભાગના તા. ૧૭-૦૬-૨૦૧૯ ના પત્ર ક્રમાંક પરચ/૨૦૧૬/ના.સ.૯૧૧-ઉ.શિ.

**આમુખ:**

શિક્ષણ વિભાગના નિયંત્રણ હેઠળની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓની ચર્ચા બેઠક તા. ૧૮-૦૬-૨૦૧૯ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્યની અધ્યક્ષતામાં યોજવામાં આવેલ હતી. ઉક્ત મિટિંગમાં શિક્ષણની ગુણવત્તા સુધારણા માટેના વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી. આ મિટિંગમાં માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય દ્વારા, રાજ્યમાં આવેલ સરકારી યુનિવર્સિટીમાં શિક્ષણનું સ્તર ઊંચું આવે, શિક્ષણની ગુણવત્તામાં સુધારો થાય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ યુનિવર્સિટીઓની પ્રતિષ્ઠા રેન્કમાં વધારો થાય, શિક્ષણમાં ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ થાય તથા સરકારી યુનિવર્સિટીઓ દેશની પ્રતિષ્ઠિત ખાનગી સંસ્થાઓ સાથે હરીફાઈ કરી શકે તે માટે રાજ્યની સરકારી યુનિવર્સિટીઓ માટે વિવિધ તબક્કામાં આગામી પાંચ વર્ષનો એક્શન પ્લાન નક્કી કરવા સમિતિની રચના કરવા વિભાગને સુચના આપવામાં આવેલ છે.

**સમિતિની રચના:**

માન. મુખ્યમંત્રીશ્રીની સુચના અનુસાર રાજ્યની સરકારી યુનિવર્સિટીઓ માટે આગામી પાંચ વર્ષનો એક્શન પ્લાન નક્કી કરવા નીચે મુજબના સભ્યોની સમિતિની રચના કરવામાં આવે છે:

૧. પ્રો. એ. યુ. પટેલ, એડવાઇઝર, કેસીજી અને પૂર્વ કુલપતિ, ગુજરાત યુનિવર્સિટી – સમિતિના અધ્યક્ષ

૨. ડૉ. પરિમલ વ્યાસ, કુલપતિ, એમ. એસ. યુનિવર્સિટી ઓફ બરોડા – સભ્ય

૩. ડૉ. હિમાંશુ પંડ્યા, કુલપતિ, ગુજરાત યુનિવર્સિટી – સભ્ય

૪. ડૉ. શિરીષ કુલકર્ણી, કુલપતિ, સરદાર પટેલ યુનિવર્સિટી – સભ્ય

૫. ડૉ. અમી ઉપાધ્યાય, કુલપતિ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી – સભ્ય

**કાર્યક્ષેત્ર અને શરતો:**

1. ઉક્ત સમિતિની કામગીરીનું કાર્યક્ષેત્ર ગુજરાત રાજ્યમાં આવેલ તમામ સરકારી યુનિવર્સિટીઓ રહેશે.
2. ઉક્ત સમિતિ આ માટે નેક, NIRF, યુજીસી, AICTE અને વર્લ્ડ રેન્કિંગ માટેના ધોરણોનો તલસ્પર્શી અભ્યાસ કરી માસિક ધોરણે અમલમાં મૂકી શકાય તેવો વિવિધ તબક્કાનો એક્શન પ્લાન બનાવવાનો રહેશે.
3. સમિતિએ જરૂર જણાયેથી અન્ય યુનિવર્સિટીના કુલપતિશ્રી, રજીસ્ટ્રારશ્રી, વિવિધ કોલેજના આચાર્યો, અધ્યાપકો, વહીવટી અધિકારીઓ, વિવિધ મંડળના હોદ્દેદારો અને અન્ય અધિકારીઓ સાથે ઉક્ત બાબતે ચર્ચા વિચારણા કરી શકશે.
4. યુનિવર્સિટીઓ પોતાની એફીલીએટેડ કોલેજો, અનુસ્નાતક વિભાગોમાં વિદ્યાર્થીઓની હાજરી, ગુણવત્તાસભર ટીચિંગ, વેલ્યુ એજ્યુકેશન, પરીક્ષા સુધારણા, અધ્યાપકોની ટ્રેઈનીંગ વગેરે બાબતો સુધારવા અમલમાં મૂકી શકે તેવી યોજનાઓ સાથે એનેક્ષર – એ ના મુદ્દાઓ ધ્યાને લેવાના રહેશે.
5. પ્રાથમિક તબક્કાથી શરૂ કરી પાંચ વર્ષના ગાળામાં નીચેની બાબતો સાથે સમગ્રલક્ષી વિકાસસિદ્ધ કરે તે માટેની યોજના
6. સમિતિ વાહન વ્યવહાર, મિટિંગ તથા અન્ય આવર્તક ખર્ચ કરી શકશે. જે કેસીજી, અમદાવાદ ખાતે ન્યુ કોર્સ ગ્રાન્ટના હેડમાં આકારવાનો રહેશે.
7. સમિતિ એક્શન પ્લાનમાં શિક્ષણમાં ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ થાય તે જોવાનું રહેશે.
8. ઉક્ત સમિતિએ એક માસમાં તેઓનો રિપોર્ટ સરકારશ્રીને રજુ કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રોનક મહેતા)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

બિડાણ: Annexure-A

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ ૧, સચિવાલય,ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ ૧, સચિવાલય,ગાંધીનગર.

- માન.રા.ક.મંત્રીશ્રી(ઉ.શિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૨, સચિવાલય,ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (ઉ.શિ)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- પ્રો. એ. યુ. પટેલ, એડવાઇઝર, કેસીજી અને પૂર્વ કુલપતિ, ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ
- ડૉ. પરિમલ વ્યાસ, કુલપતિ, એમ. એસ. યુનિવર્સિટી ઓફ બરોડા
- ડૉ. હિમાંશુ પંડ્યા, કુલપતિ, ગુજરાત યુનિવર્સિટી ,અમદાવાદ
- ડૉ. શિરીષ કુલકર્ણી, કુલપતિ, સરદાર પટેલ યુનિવર્સિટી,વલ્લભ વિદ્યાનગર.
- ડૉ. અમી ઉપાધ્યાય, કુલપતિ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ
- ઉચ્ચશિક્ષણ કમિશ્નરશ્રી, બ્લોકનં.૧૨/૨, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણ, કર્મયોગી,ભવન,ગાંધીનગર.
- સર્વે સરકારી યુનિવર્સિટીઓના કુલપતિશ્રી,(કમિશનર ઉચ્ચશિક્ષણ મારફતે)
- સેકશન અધિકારીશ્રી, ખ, ખ૧,સ શાખા શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સીલેકટ ફાઇલ

Annexure : A

1. Academic Reforms in Universities
2. Administrative Reforms All Level
3. University Governance and Improvement in decision making process
4. Admission Reforms
5. Examination reforms
6. Digitalization/ Use of Technology in Administration More funding through grants, research etc.
7. Steps taken for Financial Capabilities and Improvements in existing and future programmes
8. Infrastructural reforms – Construction of New Building/Up gradation and/or Renovation of Infrastructure – present and future
9. Filling up of Faculty Positions Creation and improvement in Permanent and Temporary positions of Teaching and Non-Teaching staff.
10. Reforms in Research and Innovation, Improvement in the same
11. Steps to be taken for skill based education and Innovation
12. Campus development projects
13. Improvements for Facilities of students
14. Implementation of Startup and Entrepreneurship policy of Government
15. Career Guidance and Placement Cell- outcomes
16. Collaboration with other Local/Foreign Universities or Industries
17. Scholarships to be offered to students for study
18. Scholarships to be offered to faculties for research and development
19. Organization of Workshop/ seminar / conferences for faculty and student improvement
20. Co – curricular activities / Sports activities by Universities
21. Creation of Centre of Excellence in Universities/ Science Parks innovation centre etc.
22. Improvement in library services. Use of E-Content etc.
23. Time bound plans to achieve best results in NAAC, NIRF, World Ranking
24. Creation of Platform for interdisciplinary subjects, transfer of credits among Universities
25. Future plans for University (Short, Medium and Long Term)